# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે પશ્ચિમ બંગાળ અને તામિલનાડુમાં વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન.

2) ગુજરાતની ઉમરેઠની પેટાચૂંટણીમાં અત્યાર સુધીમાં નોંધપાત્ર મતદાન.

3) ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં માર્ગ અકસ્માતમાં 4 બાળકો સહિત 11ના મોત પ્રધાનમંત્રીએ સહાયની જાહેરાત કરી.

4) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન CBSE 15 મે થી ધોરણ 10ની બીજા તબક્કાની પરીક્ષા યોજશે.

5) અમેરિકાએ ઈરાનમાં વસતા અમેરિકન નાગરિકોને ઈરાન છોડી દેવા જણાવ્યું છે.

6) વૈશ્વિક પરિસ્થિતિની વચ્ચે ભારતીય શેરબજારમાં કડાકો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# ELECTION TRAND

તમિલનાડુમાં એક જ તબક્કાની અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની વિધાનસભાની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. તમિલનાડુમાં 234 બેઠકો અને પશ્ચિમ બંગાળમાં 152 બેઠકો માટે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયું હતું જે સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. તમિલનાડુમાં, સવારે 11 વાગ્યા સુધી 37 ટકાથી વધુ જ્યારે પશ્ચિમ બંગાળમાં, 41 ટકાથી વધુ મતદાન થયું હતું.

તમિલનાડુમાં, આજે ચાર હજાર 23 ઉમેદવારોનું રાજકીય ભાવિ EVM માં સીલ થશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં એક હજાર 478 ઉમેદવારો મેદાનમાં છે. મતગણતરી આવતા મહિનાની 4 તારીખે આસામ, કેરળમ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણીઓ સાથે થશે.તમિલનાડુમાં, આજે 5.73 કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદારો માટે રાજ્યભરમાં 75 હજારથી વધુ મતદાન મથકો બનાવાયા છે.

પશ્ચિમ બંગાળમાં, આજે 16 જિલ્લાઓમાં 44 હજારથી વધુ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. આમાંથી સાત હજાર 384 મતદાન મથકોને "અતિસંવેદનશીલ" અથવા "ગંભીર" તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે. આ તબક્કામાં લગભગ 3.6 કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે.

ચૂંટણીના આ પ્રથમ તબક્કાના સરળ સંચાલન માટે, વિશાળ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કેન્દ્રીય દળોની કુલ 2,407 કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. મુર્શિદાબાદમાં 316 કંપનીઓ તૈનાત છે. પૂર્વ મિદનાપુરમાં 273 કંપનીઓ તૈનાત છે. કુલ મળીને, કેન્દ્રીય દળો અને રાજ્ય પોલીસના કર્મચારીઓ શાંતિ પૂર્ણ મતદાન કરાવવા ખડેપગે છે.

## PM, HM- ELECTION

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે નાગરિકોને તમિલનાડુમાં વિધાનસભાની ચૂંટણી અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉત્સાહપૂર્વક મતદાન કરવા આપીલ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ બંને રાજ્યોના યુવા મતદારો અને મહિલાઓને મોટી સંખ્યામાં મતદાન કરવા માટે ખાસ અપીલ કરી હતી. તેમણે તમામ મતદારોને લોકશાહીના આ પવિત્ર ફરજમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા હાકલ કરી.

દરમિયાન, શ્રી શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળની ચૂંટણીનો આ તબક્કો ફક્ત વર્તમાન માટે જ નહીં પરંતુ રાજ્યના ભવિષ્ય માટે પણ મહત્વપૂર્ણ છે.

## KHARGE-VOTE APPEAL

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મોટી સંખ્યામાં ભાગ લેવા મતદારોને અપીલ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ખડગેએ કહ્યું કે મતદાન એ મતદારનો અવાજ છે.  તેમણે રાજ્યના મતદારોને બંધારણ દ્વારા બતાવેલા માર્ગને અનુસરવા અને લોકશાહીની ભાવનાને જાળવી રાખવા અપીલ કરી.

## GUJ-BY ELECTION

ગુજરાતના આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં સવારે 11 વાગ્યા સુધીમાં લગભગ 25.65 ટકા મતદાન થયું છે. ઉમરેઠમાં, ભાજપના હર્ષદ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ વચ્ચે મુખ્ય મુકાબલો છે. જિલ્લા ચૂંટણી તંત્રએ બે લાખ 45 હજારથી વધુ નોંધાયેલા મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે તે માટે 306 મતદાન મથકો પર 1,500 થી વધુ કર્મચારીઓને તૈનાત કર્યા છે. વહીવટીતંત્રે મતદારોને ગરમીમાં  રાહત આપવા માટે તમામ બૂથ પર પીવાનું પાણી, છાંયડો , અને ORS પેકેટની વ્યવસ્થા કરી છે. સાંજે 6 વાગ્યા મતદાન સુધી ચાલુ રહેશે, જ્યારે પેટાચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બંને માટેની મત ગણતરી 28 એપ્રિલે યોજાશે.

## BJP - CONGRESS

ભાજપના પ્રવક્તા શાહનવાઝ હુસૈને જણાવ્યું કે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા તાજેતરમાં ચેન્નાઈમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી કથિત અપમાનજનક ટિપ્પણી માટે કોંગ્રેસને ભારે કિંમત ચૂકવવી પડશે. તેમણે ઉમેર્યું હતું કે શ્રી ખડગે દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીએ માત્ર પ્રધાનમંત્રી  જ નહીં પરંતુ દેશનું પણ અપમાન કર્યું છે. શ્રી

હુસૈને નોંધ્યું હતું કે ચૂંટણી પંચે શ્રી ખડગેને નોટિસ પણ જારી કરી છે, અને કમિશનને તેમની સામે કાર્યવાહી કરવા અપીલ  કરી છે.

## MIRZAPUR ACCIDENT

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાંમાર્ગ અકસ્માતમાં 4બાળકો સહિત 11ના મોત થયા છે. પોલીસના જણાવ્યાઅનુસાર,ગઈકાલે રાત્રે બ્રેકફેઇલ થવાને કારણે ટેકરી પરથી નીચે આવી રહેલા એક ટ્રકે કાબુ ગુમાવ્યો હતો. ટ્રક બે કારને ટક્કર મારી સામેપાર્ક કરેલા ટ્રેલરસાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. મિર્ઝાપુરના પોલીસ અધિક્ષક,અપર્ણા રજત કૌશિકે જણાવ્યું કે, એક વાહનમાં સાત લોકો મુસાફરીકરી રહ્યા હતા, જેમાં અકસ્માત બાદ આગ લાગી અનેતમામ લોકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા. અન્ય એક કારના ડ્રાઇવર અને ટ્રકનાડ્રાઇવરનું પણ મોત થયું હતું. બાકીના બેની ઓળખહજુ સુધી થઈ નથી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં થયેલી જાનહાનિ પર દુ:ખ વ્યક્ત કર્યું  છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મૃતકોના પરિવારજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની  જાહેરાત કરી છે . જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . . .

## CBSE - 2nd PHASE EXAM

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન CBSE 15 મે થી ધોરણ 10ની બીજા તબક્કાની પરીક્ષા યોજશે. આ પરીક્ષા વૈકલ્પિક છે અને જે વિદ્યાર્થીઓ પ્રથમ તબક્કાની પરીક્ષાના પોતાના ગુણ સુધારવા માંગે છે તેઓ આ પરીક્ષા આપી શકશે. પાસ થયેલા બધા વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓમાંથી કોઈપણ ત્રણ વિષયોમાં પોતાના ગુણ સુધારવા માટે પરીક્ષા આપી શકે છે. બોર્ડે 15 એપ્રિલના રોજ ધોરણ 10 ની પ્રથમ મુખ્ય પરીક્ષાના પરિણામો જાહેર કર્યા. આ પહેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે સુસંગત છે. તેનો હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષમાં બીજી તક આપીને પરીક્ષા સંબંધિત તણાવ ઘટાડવાનો છે.

## BIRLA- DPS

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે જણાવ્યું હતું કે શિક્ષણ ફક્ત જ્ઞાન પ્રાપ્ત કરવાનું માધ્યમ નથી, પરંતુ સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ અને જીવન મૂલ્યોને આત્મસાત કરવાની સતત પ્રક્રિયા છે. શ્રી બિરલાએ ઉમેર્યું હતું કે આજના બદલાતા યુગમાં, યુવાનો માટે નવીનતા, મૌલિક વિચારસરણી અને ટેકનોલોજી સાથે આગળ વધવું ખૂબ જ જરૂરી છે. તેમણે નવી દિલ્હીમાં દિલ્હી પબ્લિક સ્કૂલના વાર્ષિક સમારોહમાં હાજરી આપતા આ મુજબ કહ્યુ હતું.

શ્રી બિરલાએ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' દ્વારા દેશની શિક્ષણ પ્રણાલીને નવી દિશા મળી રહી છે, જે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, પ્રતિભા અને કૌશલ્યને પ્રોત્સાહન આપે છે તે વાત પર ભાર મૂક્યો હતો. લોકસભા અધ્યક્ષે યુવાનોમાં લોકશાહી સમજણ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## US - ADVISORY

અમેરિકાએ ઈરાનમાં વસતા અમેરિકન નાગરિકોને ઈરાન છોડી દેવા જણાવ્યું છે. જ્યારે અફઘાનિસ્તાન અને ઇરાક સહિતના ઉચ્ચ જોખમવાળા પ્રદેશોમાં મુસાફરી સામે ચેતવણી આપવામાં આવી છે. ફેબ્રુઆરીમાં અમેરિકા -ઇઝરાયલી સંયુક્ત હુમલાઓ બાદ ઈરાને તેની  એરસ્પેસ બંધ કરી હતી જે હવે તબક્કાવાર ફરીથી ખોલવાનું શરૂ કર્યું છે, જેથી મર્યાદિત આંતરરાષ્ટ્રીય વિમાનસેવા ફરી શરૂ થવાની શક્યતા છે. દરમિયાન, વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે નૌકાદળ નાકાબંધી અને આર્થિક દબાણ

ચાલુ રાખીને ઈરાન સાથે યુદ્ધવિરામ લંબાવ્યો છે, લશ્કરી કામગીરી રોકવામાં આવી છે, પરંતુ નાણાકીય અને દરિયાઈ પ્રતિબંધો અમલમાં છે, વાટાઘાટો માટે કોઈ નિશ્ચિત સમયરેખા નક્કી કરાઇ નથી.

## STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક ડોમેસ્ટિક ઇક્વિટી સૂચકાંકો લગભગ એક ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 750 જેટલા પોઈન્ટ ઘટીને 77 હજાર 760 પર કારોબાર કરતો હતો. જ્યારે નિફ્ટી 190 પોઈન્ટ જેટલો ઘટીને 24 હજાર 180 પર ટ્રેડિંગ કરી રહ્યો હતો. ક્ષેત્રીય રીતે, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો અને બેંકિંગ શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ફાર્મા અને હેલ્થકેર સેક્ટરના શેરોમાં લેવાલી જોવા મળી હતી.